# શહેરમાં વધુ એક અને જિલ્લામાં બે કેસ

**સેક્ટર-૨૪ માં વધુ એક કેસ અને જિલ્લાના વાસણા ચૌધરી અને વડસર ગામમાં એક-એક કેસ નોંધાયો : અડાલજના વૃદ્ધનું મૃત્યુ થતાં જિલ્લાનો મૃત્યુઆંક ૪ પર પહોંચ્યો**

## દહેગામના વાસણા ચૌધરી અને કલોલના વડસર ગામે એક-એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાંથી આજે કોરોના પોઝીટીવનો વધુ એક દર્દી મળ્યો છે. આ દર્દી દહેગામ તાલુકાના વાસણા ચૌધરી ગામનો રહીશ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા દર્દીઓની સંખ્યા ૩૬ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આ દર્દી પણ કલોલ પોલીસમાં પોતાની ફરજો બજાવે છે અને તે બદપુરાનો યુવાન પોલીસકર્મી સાથે જ હતો. તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યા બાદ આજે વાસણા ચૌધરીના આ યુવાનનો પણ રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ તાલુકાના બે પોલીસ કર્મયોગીઓના રિપોર્ટ પોઝીટીવ આવતાં પોલીસતંત્રમાં ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. જો કે આરોગ્યતંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે બન્ને કર્મયોગીઓની સ્થિતિ સ્થિર છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૩૬ કેસ નોંધાયા છે. જેમાં ૩ દર્દીના મૃત્યુ થયા છે જ્યારે ૩ દર્દી સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. જ્યારે હાલ ૨૬ દર્દી સારવાર હેઠળ છે. જ્યાં તેમની તબિયત સ્થિર છે.

જિલ્લા આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે હાલ જિલ્લામાં ૩૫૮ લોકો ક્વોરોન્ટાઈનમાં છે. આ પૈકી ૧૧૦ થી વધુ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈનમાં રાખવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૬૧૯ લોકોના નમૂના લેવામાં આવ્યા છે જેમાં ૩૬ દર્દી પોઝીટીવ આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૧ કેસ કલોલ તાલુકાના વડસર ખાતે નોંધાયો છે. તંત્ર દ્વારા તે અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આળી છે. આ સાથે જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા ૩૭ થવા જાય છે.

## સેક્ટર-૨૪માં વધુ એક કેસ સાથે કુલ પાંચ કેસ

**સેક્ટર-૨૪માં કોરોનાના પાંચ કેસ થયા : મનપાનું તંત્ર મૌન : શહેરીજનો ચિંતાતુર**

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરમાં સૌથી ગીચ વસ્તી ધરાવતા સે.૨૪માં આજે વધુ એક કેસ કોરોનાનો પોઝિટિવ નોંધાતા મનપા તંત્ર ચોંકી ઉઠ્યું છે. શહેરીજનોમાં પણ કેસોને લઈ ચિંતાની લાગણી પ્રસરી જવા પામેલ છે.

આજે નોંધાયેલ આ કેસ સાથે સે.૨૪માં જ નોંધાયેલા કેસની સંખ્યા પાંચ થવા ગઈ છે. આ નવો નોંધાયેલ કેસ પણ શ્રીનગર સોસાયટીનો જ હોવાની વાતો છે.

શહેરમાં નોંધાયેલા આજે વધુ ૧ કેસ સાથે શહેરના કેસોની સંખ્યા ૩૨ થઈ છે. સેક્ટર-૨૪માં જે રીતે પાંચ કેસ સામે આવ્યા છે તેને લઈ તંત્રએ પણ આ સેક્ટરમાં સર્વેલન્સ સઘન બનાવવાના આદેશો આપ્યા છે.

મનપા તંત્ર દ્વારા સે.૨૪માં મળેલ કેસોને પગલે કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરી દેવાયેલ છે. આ વિસ્તારમાં રોજેરોજ સેનીટાઈઝેનની કામગીરી સઘન રીતે થાય તેમજ મેડીકલ ટીમ દ્વારા લોકોની તપાસ નિયમિત રીતે થાય તેવી માંગ કોંગ્રેસના કાઉન્સીલર અંકિત બારોટે પત્ર લખીને કમિશનરશ્રીને કરી છે. પરંતુ મનપાના તંત્ર દ્વારા શું પગલાં લેવાયા તેની કોઈ જ જાણકારી સત્તાવાર રીતે ઘોષિત કરાઈ નથી. એટલું જ નહિ મનપાના તંત્રએ મૌન ધારણ કરી લીધું છે. શહેરમાં કેટલા કેસો ક્વૉરોન્ટાઈન છે તેની વિગતો પણ જાહેર નથી કરાઈ.

## અડાલજના વૃદ્ધનું કોરોનાની સારવાર દરમ્યાન મૃત્યુ

**હાઈ બી.પી. સહિત અન્ય બિમારી પણ આ વૃદ્ધને હતી : જિલ્લામાં કોરોનાથી ચોથુ મોત**

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાની સારવાર દરમ્યાન અડાલજના વૃદ્ધનું અવસાન થયુ છે. તેઓને કોરોના ઉપરાંત અન્ય બિમારીથી પણ પિડીત હતા. આ સાથે જિલ્લામાં કોરોનાના કારણે ૪ દર્દીઓના મોત થયા છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજ સ્વાગત સીટીમાં રહેતા એક વૃદ્ધને કોરોના પોઝીટીવ બે દિવસ પહેલાં જ જણાયો હતો. તેઓ અમદાવાદ સામાજિક કારણોસર જઈ પરત ફર્યા હતા. આ પછી હોમ ક્વોરોન્ટાઈન હતા અને તેમના નમૂના પરીક્ષણ માટે લેવાતાં તેમને કોરોના પોઝીટીવ જણાયો હતો.

બી.પી. સહિતની અન્ય બિમારી ધરાવતા આ વૃદ્ધને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેઓને પ્રથમ જ દિવસથી શ્વાસોશ્વાસમાં તકલીફ જણાતી હતી. તેમનું આજે સારવાર દરમ્યાન મૃત્યુ થયુ છે. જિલ્લામાં આ સાથે કોરોનાનાને કારણે ૪ વ્યક્તીના મૃત્યુ થયા છે. અડાલજમાંથી કોરોનાના બે કેસ મળ્યા હતા અને આ બન્ને દર્દીઓના મોત થતાં અડાલજ પંથકમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાથી આ ત્રીજુ મૃત્યુ નોંધાયુ છે.

## શહેરમાં ત્રણ સ્થાનોએ માસ સેમ્પલીંગ કરાયુ

**સે. ૨૨ના ૩૫૦ જેટલા મકાનો કન્ટેનમેન્ટ ઝોનમાં મુકવામાં આવ્યા : જાહેરનામુ પ્રસિદ્ધ કરાયુ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા માટે આજે એક સાથે ત્રણ સ્થાનો પર શંકાસ્પદ લાગતા દર્દીઓના નમૂના લેવામાં આવ્યા છે.

પ્રોએક્ટીવલી નમૂના મેળવવાના પ્રભારી અધિક મુખ્ય સચિવના સૂચન પછી તંત્રએ હરકતમાં આવી આ કામગીરી હાથ ધરી છે. આજે અંદાજે ૧૦૦ જેટલા નમૂના લેવામાં આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૨ અર્બન હેલ્થ સેન્ટર, સે. ૨૪ અને સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે આ નમૂનાઓ મેળવવામાં આવ્યા હતા. આ નમૂનાઓ પરીક્ષણ માટે મોકલી આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં તંત્ર ગઈકાલે સે. ૨૨માંથી મળેલ પોઝીટીવ કેસના લઈ સે. ૨૨ ના ૩૫૦ જેટલા મકાનોને કન્ટેનમેન્ટ ઝોનમાં મુકી દીધા છે. અહિ બેરિકેટ્સ પણ કરી દેવામાં આી છે. આ અંગેનું જાહેરનામુ પણ મનપા દ્વારા જારી કરી દેવામાં આવ્યુ છે.

## ગાંધીનગર-અમદાવાદને જોડતા બે માર્ગો પર જ પ્રવેશ

અમદાવાદ,તા.૩

અમદાવાદ શહેર કોરોનાનું હોટસ્પોટ બન્યુ હોઈ તેની નજીક આવેલ રાજયના પાટનગર ગાંધીનગરમાં કોરોના વાયરસનું સંક્રમણ અમદાવાદથી અહીં ફેલાય નહી તે હેતુથી સ્થાનિક આરોગ્ય વિભાગ, તંત્ર અને પોલીસ એલર્ટ થઈ ગયા છે. જેને પગલે ગાંધીનગર જવાના મોટાભાગના રસ્તા બંધ કરવામાં આવ્યા છે. માત્ર વૈષ્ણોદેવી સર્કલ અને એપોલો સર્કલથી ગાંધીનગર તરફ જવા દેવામાં આવે છે. તમામ પ્રવેશ પર ૧૦ જેટલી નવી ચેક પોસ્ટ શરૂ કરવામાં આવી છે. આ ચેક પોસ્ટ પર વાહન ચાલકોના નામ, મોબાઈલ નંબર અને પ્રવેશના કારણ સાથે નોંધણી થઈ રહી છે. ગાંધીનગરમાં સનદી અધિકારીઓ અને રાજકારણીઓ રહેતા હોવાથી અમદાવાદનો ચેપ ગાંધીનગરમાં ફેલાવાનો ડર સતાવી રહ્યો છે, તેને લઈ તંત્ર પાટનગરમાં કોરોનાની વકરતી સ્થિતિ નિયંત્રણ લાવવામાં જોતરાયુ છે. કારણ કે, ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસમાં ૩૩ પોઝિટિવ કેસો નોંધાયા છે. અમદાવાદના કારણે ગાંધીનગર પણ હવે કોરોનાનું હોટસ્પોટ બની જાય તેવી દહેશત વર્તાઈ રહી છે. દિવસે અને દિવસે અમદાવાદ કનેક્શનથી ગાંધીનગર શહેર અને જિલ્લામાં કોરોના પોઝિટિવ દર્દીઓનો ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં જ ૩૩ પોઝિટિવ દર્દીઓ નોંધાઈ ચુક્યા છે આ તમામ દર્દીઓને અમદાવાદથી ચેપ લાગ્યો હોવાનું સામે આવી રહ્યું છે. જે પૈકી ગઈકાલે વધુ ૧૮ કેસ સામે આવ્યા હતા. આ સાથે રાજયના પાટનગર ગાંધીનગરમાં પોઝિટિવ દર્દીઓનો આંકડો ૬૭ થયો છે. આ પહેલા સામાન્ય વહીવટી વિભાગે હોટસ્પોટ, કન્ટેઈનમેન્ટ એરિયા અને રેડઝોનમાંથી આવતા કર્મચારીઓને ગાંધીનગર ન આવવા માટે સૂચના આપી હતી.

## ગાંધીનગરમાં કોરોના વોરિયર્સને ભારતીય વાયુદળનું વિશેષ આકાશી સન્માન

**રાજ્યના પાટનગર ગાંધીનગરમાં કોવિડ-૧૯ હોસ્પિટલ ઉપર MI-17 હેલિકોપ્ટર દ્વારા પુષ્પવર્ષા : ત્રણ સુખોઈ-30 યુદ્ધ વિમાનો દ્વારા વિધાનસભા ઉપર ફ્લાય પાસ્ટ : વાયુદળના ખાસ બેન્ડ દ્વારા સિવિલમાં કોરોના વોરિયર્સનું 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા' ધૂન સાથે અભિવાદન**







ગાંધીનગર, તા. ૩

સમગ્ર દેશમાં કોરોના મહામારી સામે જંગ લડી રહેલા તબીબો, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, સેવકો અને ફરજ પરના તમામ લોકોના માનમાં, તેમનો જુસ્સો વધારવા ભારતીય વાયુદળ દ્વારા આજે સમગ્ર દેશમાં કોવિડ-૧૯ હોસ્પિટલ ઉપર પુષ્પવર્ષા અને યુદ્ધ વિમાનોની ફ્લાય પાસ્ટ યોજવામાં આવી હતી. જેના ભાગરૂપે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સિવિલમાં આવેલી કોવિડ હોસ્પિટલ ઉપર ભારતીય વાયુસેનાના મૈં-૧૭ ફ ૫ હેલિકોપ્ટર દ્વારા અંદાજે ૧૦૦ મીટરની ઊંચાઈએથી પુષ્પવર્ષા કરીને કોરોના વોરિયર્સનું સન્માન કરીને તેમનો જુસ્સો વધાર્યો હતો.

આ સાથે ભારતીય વાયુસેનાના સૌથી શક્તિશાળી એવા સુખોઈ-૩૦ ત્રણ યુદ્ધ વિમાનો દ્વારા ફાઈટર એરક્રાફ્ટ ફોરમેશનમાં માત્ર ૫૦૦ મીટરની સૌથી નીચી ઊંચાઈએ ગુજરાત વિધાનસભા ઉપરથી સવારે ૧૧.૨૫ કલાકે પસાર થઈ ફ્લાય પાસ્ટ યોજીને સન્માન કર્યું હતું.

ભારતીય વાયુદળના ખાસ બેન્ડ દ્વારા ગાંધીનગર સિવિલમાં આવેલી કોવિડ-૧૯ હોસ્પિટલમાં 'સારે જહાં સે અચ્છા હિન્દુસ્તા હમારા' ધૂન વગાડીને તમામ કોરોના વોરિયર્સનું સન્માન કરતા સમગ્ર વાતાવરણ ભાવનાત્મક બન્યું હતું. આ સાથેસાથે ત્યાં ઉપસ્થિત તબીબો, નર્સ, મેડિકલ સ્ટાફ, દર્દીઓ અને સામાન્ય લોકોએ પણ સામાજિક અંતર જાળવીને તાલીઓ પાડીને તેમનું સન્માન કરીને સમગ્ર વાતાવરણને જુસ્સામય બનાવીને કોરોના વોરિયર્સનો જુસ્સો વધુ બુલંદ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ભારતીય વાયુસેના દ્વારા ભારતના ૧૭ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની રાજધાની ખાતે અંદાજે એક જ સમયે કોવિડ-૧૯ હોસ્પિટલ્સ ઉપર પુષ્પવર્ષા કરીને કોરોના વોરિયર્સનું સન્માન કર્યું હતું.

## અમદાવાદથી ૨૧૦૦ મેટ્રીક ટન મગદાળ માલગાડીમાં કેરળ મોકલવામાં આવી

ગાંધીનગર તા ૩

હળવદ સુખપુરમાંથી એક ટ્રેન નિકળી જેના ૮૦ ડબ્બાઓમાં મગ દાળ ભરેલી હતી જેને મહીસાગર એમ્પોકસના ઓફિસીયલ્સે લીલી ઝંડી આપી હતી. આ ૨૧ મેટ્રીકટન મગદાળ કેરલ મોકલવામાં આવી છે. પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનામાં જરૂરિયાત મંદ પરિવારોને દર મહીને ત્રણ મહીના માટે વિના મુલ્યે એક કીલો વિતરણ કરાશે. દેશભરમાં મફત કઠોળ પહોંચાડવા માટે બનાવવમાં આવેલ નોડલ એજન્સી મહાવીર એમ્પોકેસ મગનીદાળ દેશના બાકીના ભાગોમાં મોકલી રહી છે. સફાઈ ફિલ્ટરીંગ પોલીસીંગ બાદ આ માલ મોકલવામાં આવે છે. જેના માટે કારીગરોને ડબલ વેતન આપવામાં આવી રહ્યુ છે. જેથી સમયસર માલ પહોંચી રહે.

મહીસાગર એમ્પોકેસના એમ ડી શ્રી વિરેન ત્રિવેદીના જણાંવ્યા મુજબ અમે દિવસ રાતની મોનીટરીંગ કરી રહ્યા છીએ જેથી આગામી ત્રણ મહીના દરેક રાજયોને જરૂરીયાત મુજબ કઠોળ મળે અને તેથી રાજયની માંગ પ્રમાણે પુરવઠો આપવામાં આવી રહ્યો છે. અમને આશા છે કે સમયસર પુરવઠો દરેક જગ્યાએ પહોંચશે. લોકડાઉનના કારણે ખેડુતો અને એ પી એમ સી કાર્યરત નથી તેવા સમયગાળામાં અમે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાંથી કાચો માલ મંગાવી રહ્યા છીએ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com